ગુજરાત પ્રદેશ ભાજપા

તા.૨૭ ઓકટોબર ૨૦૨૬

-------

ભાજપાના 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત આજે અમદાવાદ ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઈ

-------

આજે વિશ્વના અનેક દેશો ભારતની ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની કામગીરીને ઉદાહરણ તરીકે જુએ છે

-શ્રી જે.પી. નડ્ડાજી

-------

ચૂંટણીમાં જીત મળે ત્યારે જનતાના આશીર્વાદ ગણાવવા અને હાર થાય ત્યારે ચૂંટણી પંચને દોષિત ઠેરવવું એ કોંગ્રેસની રાજકીય તકવાદી માનસિકતા દર્શાવે છે

-શ્રી જે.પી. નડ્ડાજી

-------

દેશની લોકશાહી વ્યવસ્થામાં માત્ર પાત્ર નાગરિકોને જ મતદાનનો અધિકાર મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે

-શ્રી જે.પી. નડ્ડાજી

-------

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જ દેશના ચૂંટણી પંચના ચૂંટણી કમિશનરની નિમણૂકની પ્રક્રિયામાં વિપક્ષના નેતાને પણ ભાગીદાર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે

-શ્રી જે.પી. નડ્ડાજી

-------

જનતાનો વિશ્વાસ ગુમાવ્યા બાદ કોંગ્રેસ હવે સંવિધાનિક સંસ્થાઓ અને લોકશાહી પ્રક્રિયા પર સવાલો ઉઠાવીને પોતાની નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ કરી રહી છે

-શ્રી જે.પી. નડ્ડાજી

-------

ભાજપાના કાર્યકર્તાઓને કોંગ્રેસ અને ઇન્ડી ગઠબંધનના ભ્રામક પ્રચારનો તથ્યોના આધારે જવાબ આપવા અને લોકશાહી તથા સંવિધાનિક સંસ્થાઓની વિશ્વસનીયતા અંગે જનજાગૃતિ ફેલાવવા આહવાન કરતા શ્રી જે.પી. નડ્ડાજી

-------

જનતાનો વિશ્વાસ પ્રાપ્ત કરવામાં અસમર્થ કોંગ્રેસ પહેલા EVMને દોષ આપતી, હવે SIR ને આપે છે

-શ્રી હર્ષભાઈ સંઘવી

-------

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશના 140 કરોડ નાગરિકોના પ્રેમ અને વિશ્વાસનું મજબૂત સમર્થન પ્રાપ્ત છે

-શ્રી હર્ષભાઈ સંઘવી

-------

કોંગ્રેસના નેતાઓની આગાહીઓ અને દાવાઓ વારંવાર ખોટા સાબિત થઈ રહ્યા છે, કારણ કે તેઓ જનતાની વાસ્તવિક લાગણી અને અપેક્ષાઓને સમજવામાં નિષ્ફળ રહ્યા છે

-શ્રી હર્ષભાઈ સંઘવી

-------

રાજનીતિ માત્ર આક્ષેપોથી નથી જીતી શકાતી, ચૂંટણી જીતવા માટે જનતાની વચ્ચે જઈને કામ કરવું પડે, લોકોની સમસ્યાઓ સમજવી પડે અને જનવિશ્વાસ સંપાદિત કરવો પડે જેમાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહી છે

-શ્રી હર્ષભાઈ સંઘવી

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદીમાં જણાવે છે કે, દેશમાં અશાંતિ અને અરાજકતા ફેલાવી દેશની સંવિધાનિક સંસ્થાઓ અને ચૂંટણી પંચની વિશ્વસનીયતા સામે જનમાનસમાં ભ્રમ અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાના કોંગ્રેસના નિમ્નસ્તરના પ્રયાસો સામે જનજાગૃતિના ઉદ્દેશ્ય સાથે ભારતીય જનતા પાર્ટીના  'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો અભિયાન' અંતર્ગત આજે અમદાવાદના નવા વાડજ ખાતે કેન્દ્રીય મંત્રી અને ભાજપાના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં પદયાત્રા યોજાઇ હતી.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, ભાજપાના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી પ્રવીણભાઈ માળી, શ્રીમતી દર્શનાબેન વાઘેલા, શ્રી ત્રિકમભાઈ છાંગા, શ્રી સ્વરૂપજી ઠાકોર, શ્રી પી.સી. બરંડા, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, અમદાવાદના મેયર, શહેર અધ્યક્ષ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સિનિયર આગેવાનો, સ્થાનિક સંગઠન, કાર્યકર્તાઓ સહિત વિવિધ સામાજિક અગ્રણીઓ, પ્રબુદ્ધ નાગરિકો સહિત સ્થાનિકો ઉપસ્થિત રહ્યાં હતાં.

કેન્દ્રીય મંત્રીશ્રી જે.પી. નડ્ડાજીએ આ પ્રસંગે સંબોધન કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને ઇન્ડી ગઠબંધન દ્વારા લોકશાહી વ્યવસ્થા અને સંવિધાનિક સંસ્થાઓ સામે કરવામાં આવી રહેલ ભ્રામક પ્રચાર તથા દેશમાં અરાજકતા ફેલાવવાના પ્રયાસોનો ભાજપાના કાર્યકર્તાઓ જનતાની વચ્ચે રહીને જડબાતોડ જવાબ આપશે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વભરમાં ભારતનો ડંકો વાગી રહ્યો છે. વિશ્વએ સ્વીકાર્યું છે કે લોકશાહીનું સાચા અર્થમાં જતન અને સંવર્ધન ભારતમાં થાય છે. ભારતના ચૂંટણી પંચ, સુપ્રીમ કોર્ટ અને અન્ય સંવિધાનિક સંસ્થાઓએ પોતાની ગરિમા અને નિષ્પક્ષતા જાળવીને વિશ્વ સમક્ષ ભારતીય લોકશાહીની મજબૂતી સાબિત કરી છે. આજે વિશ્વના અનેક દેશો ભારતની ચૂંટણી પ્રક્રિયા અને ચૂંટણી પંચની કામગીરીને ઉદાહરણ તરીકે જુએ છે.

તેમણે કોંગ્રેસ અને ઇન્ડી ગઠબંધનની રાજનીતિ પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ચૂંટણીમાં જીત મળે ત્યારે જનતાના આશીર્વાદ ગણાવવા અને હાર થાય ત્યારે ચૂંટણી પંચને દોષિત ઠેરવવું એ કોંગ્રેસની રાજકીય તકવાદી માનસિકતા દર્શાવે છે. મતદાર યાદીની ચકાસણી દરમિયાન સ્થળાંતરિત થઈ ગયેલા, મૃત્યુ પામેલા, એકથી વધુ વખત નોંધાયેલા તથા સરનામે ઉપલબ્ધ ન હોય તેવા મતદારોની વિગતો સામે આવે છે. આવા નામોની યોગ્ય ચકાસણી કરીને યાદી સુધારવી એ લોકશાહીને મજબૂત કરવાની આવશ્યક પ્રક્રિયા છે. SIR કોઈ નવી પ્રક્રિયા નથી. દેશમાં અગાઉ પણ અનેક વખત આ કામગીરી થઈ ચૂકી છે. ભૂતકાળમાં કોંગ્રેસના શાસન દરમિયાન પણ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જ્યારે અટલજી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં પણ મતદાર યાદીઓની વિશેષ સુધારણા કરવામાં આવી છે.

તેમણે કહ્યું કે, દેશની લોકશાહી વ્યવસ્થામાં માત્ર પાત્ર નાગરિકોને જ મતદાનનો અધિકાર મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. ઘૂસણખોરોના નામ મતદાર યાદીઓમાં સામેલ થવાથી લોકશાહી પ્રક્રિયાની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઊભા થાય છે. તેમણે પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશની સરહદે આવેલા નવ જિલ્લાઓમાં મતદારોની સંખ્યામાં અસામાન્ય વધારો નોંધાયો હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે મતદાર યાદીઓની સઘન ચકાસણીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

બિહારનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, મતદાર યાદીઓની સુધારણા બાદ રાજ્યમાં આઝાદી બાદ પ્રથમ વખત આશરે 66 ટકા મતદાન થયું હતું. કર્ણાટકના મહાદેવપુરા મતવિસ્તારમાં કથિત ગેરરીતિઓ અંગે રાહુલ ગાંધી દ્વારા કરવામાં આવેલા આક્ષેપોનો ઉલ્લેખ કરતાં શ્રી નડ્ડાજીએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચે આક્ષેપોની તપાસ માટે જરૂરી પ્રક્રિયા અનુસરવા અને સોગંદનામા સાથે વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. તેમ છતાં, તેમના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ દ્વારા આ મામલે આગળની ઔપચારિક કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે કહ્યું હતું કે, જો કોઈને ચૂંટણી પ્રક્રિયા સામે વાંધો હોય તો યોગ્ય પુરાવા સાથે સક્ષમ

સંસ્થાઓ સમક્ષ રજૂઆત કરવી જોઈએ. આક્ષેપો કરીને સંસ્થાઓની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઊભા કરવાથી લોકશાહી મજબૂત થતી નથી.

શ્રી નડ્ડાજીએ કોંગ્રેસની રાજકીય કાર્યશૈલીની ટીકા કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસને જ્યારે પોતાની તરફેણમાં નિર્ણય ન મળે ત્યારે તે ન્યાયતંત્ર અને અન્ય સંસ્થાઓ સામે સવાલો ઊભા કરે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસના શાસનકાળ દરમિયાન અનેક ચૂંટાયેલી સરકારોને બરતરફ કરવામાં આવી હતી અને પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીના શાસનમાં પણ વારંવાર ચૂંટાયેલી સરકારોને હટાવવામાં આવી હતી. તેની સામે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂકની પ્રક્રિયામાં વિપક્ષના નેતાને પણ ભાગીદાર બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ લોકશાહી પ્રક્રિયામાં પારદર્શિતા અને સંસ્થાકીય સંતુલન જાળવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં લાંબા સમયથી સત્તા મેળવવામાં કોંગ્રેસ નિષ્ફળ રહી છે. ઝારખંડમાં પોતાની સરકાર રચવામાં મુશ્કેલી, ઓડિશામાં લાંબા સમયથી સત્તાથી દૂર રહેવું અને દિલ્હીમાં તથા કેન્દ્રમાં સતત પરાજયનો સામનો કરવો પડતાં કોંગ્રેસ હતાશ થઈ ગઈ છે. જનતાનો વિશ્વાસ ગુમાવ્યા બાદ કોંગ્રેસ હવે સંવિધાનિક સંસ્થાઓ અને લોકશાહી પ્રક્રિયા પર સવાલો ઉઠાવીને પોતાની નિષ્ફળતા છુપાવવાનો પ્રયાસ કરી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ભૂતકાળમાં કોંગ્રેસના નેતાઓ દ્વારા અનેક વખત અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમને “મોતના સોદાગર”, “ ચા વાળો” અને “નીચ” જેવા શબ્દોથી સંબોધવામાં આવ્યા હતા, તેમ છતાં દેશની જનતાએ વારંવાર તેમને પોતાના આશીર્વાદ આપીને વડાપ્રધાન તરીકે ચૂંટ્યા છે. કોંગ્રેસે આ રાજકીય વાસ્તવિકતામાંથી બોધપાઠ લેવો જોઈએ અને જનતાના જનાદેશનું સન્માન કરતાં શીખવું જોઈએ.

શ્રી નડ્ડાજીએ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણીની ટીકા કરતાં જણાવ્યું હતું કે, રાજકીય મતભેદો વચ્ચે પણ વ્યક્તિગત અને સ્વર્ગસ્થ પરિવારજનો અંગે અપમાનજનક ભાષાનો ઉપયોગ અયોગ્ય છે અને દેશની જનતા કોંગ્રેસને યોગ્ય જવાબ આપશે. તેમણે ભાજપાના કાર્યકર્તાઓને કોંગ્રેસના ભ્રામક પ્રચારનો તથ્યોના આધારે જવાબ આપવા અને લોકશાહી તથા સંવિધાનિક સંસ્થાઓની વિશ્વસનીયતા અંગે જનજાગૃતિ ફેલાવવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસ ચૂંટણીમાં જનતાનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ જાય ત્યારે પોતાની હારની જવાબદારી સ્વીકારવાને બદલે પહેલા EVMને દોષ આપતી અને હવે SIRને દોષ આપે છે. લોકશાહીમાં જનતાનો જનાદેશ સર્વોપરી છે અને તેનો સ્વીકાર કરવો દરેક રાજકીય પક્ષની જવાબદારી છે.

શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, માત્ર આક્ષેપોથી રાજનીતિ ચાલી શકતી નથી. ચૂંટણી જીતવા માટે જનતાની વચ્ચે જઈને કામ કરવું પડે, લોકોની સમસ્યાઓ સમજવી પડે અને જનવિશ્વાસ સંપાદિત કરવો પડે જેમાં કોંગ્રેસ સદંતર નિષ્ફળ રહી છે. સતત ચૂંટણીમાં પરાજય બાદ પણ કોંગ્રેસ આત્મમંથન કરવાને બદલે ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઉઠાવી રહી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી સરકારને ઘેર્યાના દાવા કરે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશના 140 કરોડ નાગરિકોના પ્રેમ અને વિશ્વાસનું મજબૂત સમર્થન પ્રાપ્ત છે. કાશ્મીર થી કન્યાકુમારી સુધી યુવાનો, વડીલો સહિત દેશના નાગરિક વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે અડીખમ ઉભા છે. આ જનવિશ્વાસ કોઈ રાજકીય નિવેદનથી તોડી શકાય તેમ નથી. કોંગ્રેસના નેતાઓની આગાહીઓ અને દાવાઓ વારંવાર ખોટા સાબિત થઈ રહ્યા છે, કારણ કે તેઓ જનતાની વાસ્તવિક લાગણી અને અપેક્ષાઓને સમજવામાં નિષ્ફળ રહ્યા છે.

શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતાઓને ચૂંટણીમાં પોતાની હાર દેખાતાં તેમની ભાષા પરનો સંયમ પણ છૂટી રહ્યો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી મલ્લિકાર્જુન ખડગે દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વર્ગસ્થ પિતાશ્રી અંગે કરવામાં આવેલી અશોભનીય ટિપ્પણી દુર્ભાગ્યપૂર્ણ છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કરોડો પરિવારોને પાકાં આવાસ મળ્યાં, ઘર-ઘર સુધી પીવાનું પાણી પહોંચ્યું, ઉજ્જ્વલા યોજનાથી મહિલાઓને ધુમાડાથી મુક્તિ મળી, આરોગ્ય સુરક્ષાની યોજનાઓથી ગરીબ પરિવારોને સારવારનો આધાર મળ્યો, કલમ 370 નાબૂદ થઈ અને રાષ્ટ્રીય સુરક્ષાના ક્ષેત્રમાં ભારતે નિર્ણાયક અભિગમ અપનાવ્યો. સાથે જ આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું ગૌરવ વધ્યું છે. આ જનકલ્યાણનાં કાર્યો અને રાષ્ટ્રહિત માટેના નિર્ણયો પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે જનતાના વિશ્વાસનો આધાર છે.

શ્રી હર્ષભાઈ સંઘવીએ અંતમાં જણાવ્યું હતું કે, ચૂંટણી વખતે મોટા દાવા કરવા અને પરિણામો બાદ જનાદેશ પર સવાલો ઉઠાવવા એ લોકશાહીની ભાવનાને અનુરૂપ નથી. કોંગ્રેસે આક્ષેપોની રાજનીતિ છોડીને જનતાની

વચ્ચે જઈને કામ કરવાની જરૂર છે. બીજી તરફ, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રહિત, જનકલ્યાણ અને વિકાસના સંકલ્પ સાથે જનતાની સેવા માટે સતત કાર્યરત છે.

વિશાળ જનસમૂહ સાથે યોજાયેલ આ પદયાત્રામાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા હટાવો', 'કોંગ્રેસનો હાથ ઘુષણખોરોને સાથ', ' લોકતંત્રનો હુંકાર, અરાજકતાની હાર' સહિતના આક્રોશપૂર્ણ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતાં.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત